# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી - 110001

# ભાજપના પ્રમુખ શ્રી રાજનાથ સિંહે ચેન્નાઈમાં આપેલું પ્રેસ વક્તવ્ય

## યુપીએ સરકારની અવ્યવસ્થિત વિદેશ નીતિ

યુપીએ સરકાર રાજદ્વારી અને વ્યૂહાત્મક વિદેશ નીતિના મોરચે અત્યંત નબળી અવ્યવસ્થિત તથા અસતત પુરવાર થઈ છે. છેલ્લા આઠ વર્ષથી પડોશી દેશો સાથે યુપીએ સરકારના દ્વિપક્ષીય સંબંધો મર્યાદિત બની ગયા તેની પાછળ સરકારના દૃઢ નિર્ધાર અને ત્વરિત કાર્યવાહીનો અભાવ જવાબદાર છે.

બીજી બાજુ પાકિસ્તાન ભારત-વિરોધી નીતિઓ આગળ ધપાવતું રહ્યું છે અને ચીન બધી દિશાઓમાંથી ભારતને ઘેરી રહ્યું છે. પાકિસ્તાન ભારત માટે વ્યૂહાત્મક એવી બાબતોમાં ચીનની મદદ લઈ રહ્યું છે. તાજેતરમાં પાકિસ્તાને ગ્વાદર બંદરગાહના સંચાલનનો કબજો ચીનને સોંપી દીધો. જેથી અરબી સમુદ્રની નજીક સુધી ચીનનો પગપેસારો થઈ ગયો. ભારત સાથે પરંપરાગત મૈત્રીપૂર્ણ સંબંધો રાખનાર શ્રીલંકાએ પણ ચીન સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરીને તેને હમ્બાનતોટા બંદરગાહમાં પ્રવેશ આપ્યો છે.

ભારત સાથે શ્રીલંકાના વર્ષોથી સદભાવપૂર્ણ સંબંધો રહ્યા છે. યુપીએ સરકારે વાંશિક તામિલના મુદ્દે કેટલાક વચનો પણ આપ્યા હતા અને આંતરરાષ્ટ્રીય દબાણ સામે શ્રીલંકાને મદદ પણ કરી હતી. શ્રીલંકાએ લેસન્સ લર્ન એન્ડ રિકાઉન્સિલીએશન કમિશન(એલએલઆરસી) નિષ્ણાત જૂથની રચના પણ કરી હતી. છતાં બે વર્ષ બાદ તે જૂથના અહેવાલ બાબતે કોઈ પગલાં લેવાયા નથી.

શ્રીલંકાની સરકારે 13મા સુધારામાં તામિલ પ્રાંતોને સત્તા પૂરી પાડવાનું વચન આપ્યું હતું. યુપીએ સરકારને આશા હતી કે 13મા સુધારાના અમલથી પરિસ્થિતિમાં સુધારો થશે અને પુનર્વસનના પ્રયાસોમાં વધારો થશે. પરંતુ પછીથી શ્રીલંકન સરકારે આવું કોઈ વચન આપ્યાનો ઈનકાર કરી દીધો. યુપીએ સરકારની આ મોટી રાજકીય નિષ્ફળતા છે. ભાજપ એવી માગણી કરે છે કે વડા પ્રધાને રાજદ્વારી માધ્યમ વડે શ્રીલંકામા રહેતા તામિલ લોકોના રાહત, પુનર્વસન અને સક્ષમીકરણનો મુદ્દો ઊઠાવવો જોઈએ.

યુપીએ સરકારે પાલ્ક સ્ટ્રેઈટ વિસ્તારમાં રહેતા તામિલ માછીમારોની સુરક્ષાનો મુદ્દો પણ ઊઠાવવો જોઈએ. શ્રીલંકાનું નૌકાદળ વારંવાર તેઓની સતામણી વર્ષોથી કરતું રહ્યું છે અને

અમુક તામિલ માછીમારોની હત્યા પણ કરી છે. આપણા માછીમારોના રક્ષણ અને સહિસલામત માછીમારીનો મુદ્દો યુપીએ સરકારે શ્રીલંકાની સરકાર સમક્ષ ઊઠાવવો જોઈએ.

## કાવેરી જળવિવાદ

સર્વોચ્ચ અદાલતે કાવેરી જળવિવાદ ટ્રિબ્યુનલના અંતિમ આદેશનું જાહેરનામું બહાર પાડવા 20 ફેબ્રુઆરી સુધીની મહેતલ આપી છે. પાણી અત્યંત સંવેદનશીલ મુદ્દો હોવા ઉપરાંત આપણા દેશમાં રાજકીય મુદ્દો છે. આ નિર્ણયથી આંતરરાજ્ય સંબંધો પર અસર માઠી અસર થવાની શક્યતા હોઈ યુપીએ સરકાર તેના અમલમાં સાવચેતી વર્તી રહી છે. તેનું જાહેરનામું બહાર પાડતા પહેલા વડા પ્રધાને તામિલનાડુ અને કર્ણાટકના મુખ્ય પ્રધાનોને બોલાવીને સર્વસંમતિ સાધવી જોઈએ.

કાવેરી જળવિવાદ ટ્રિબ્યુનલે પાંચમી ફેબ્રુઆરી, 2007ના રોજ આદેશ આપ્યાને છ વર્ષ વિતી ગયા છે. આ સમસ્યા હલ કરવાને કેન્દ્ર સરકારે અગ્રક્રમ આપવો જોઈએ.

## ભારતમાં વધતી જતી સામાજિક અસહિષ્ણુતા

તાજેતરમાં અમુક સાંસ્કૃતિક બાબતે સર્જાયેલા વિવાદો અંગે ભાજપ ચિંતા વ્યક્ત કરે છે. અનેકતામાં એકતાના સૂત્રને સાકાર કરવાને બદલે સર્જાયેલા આ વિવાદો ભારતમાં વધતી જતી સામાજિક અસહિષ્ણુતાનું પ્રતિબિંબ દર્શાવે છે.

ફિલ્મો, સંગીત, પુસ્તકો અને અન્ય જાહેર સંદેશ વાહનો પર દર્શાવીને તેનો પ્રચાર કરવાને પ્રોત્સાહન આપવાની આવશ્યકતા છે. તેનો વિરોધ કરવા અવાજ ઊઠાવી શકાય, પણ તેમાં બ્લેકમેઈલિંગ, તોફાન અને હિંસાને સ્થાન ન હોવું જોઈએ.

ભારતના બંધારણમાં અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય દર્શાવવામાં આવ્યું છે. વિવિધ સમાજની ઓળખ મહત્ત્વની છે, પણ તેમાં ઈરાદાપૂર્વક અન્યની સંવેદનશીલતાને હાનિ ન પહોંચાડવી જોઈએ. બદનસીબે અમુક જૂથો દેશના કલા અને સાંસ્કૃતિક વારસા બાબતે વિવાદો સર્જીને પરિસ્થિતિનો ગેરલાભ ઊઠાવી રહ્યા છે.

આ વધતી અસહિષ્ણુતા અંગે મુક્ત ચર્ચા થવી જોઈએ. કલા, સંસ્કૃતિ અને સંગીતની બાબતમાં ભારતે હંમેશા સહિષ્ણુ વલણ અપનાવ્યું છે. ભારતના પ્રગતિશીલ છતાં પરંપરાગત વિચારોનું જતન કરવાનો સમય હવે પાકી ગયો છે.

(ઓ.પી.કોહલી)
હેડક્વાર્ટર ઈન્ચાર્જ